વન વિભાગનો સપાટો | પાસ-પરમિટ વગર લાકડાની હેરાફેરી સામે આકરાં પગલાં ભરાયાં

નડિયાદ શહેરના મંજીપુરા રોડ પર લાકડાંની હરાજી સંપૂર્ણ બંધ કરાઈ

દરરોજ ૫૦૦ ટ્રેક્ટર અને ૫૦ ટ્રકોથી ધમધમતો સંતરામ વે બ્રિજ વિસ્તાર સુમસામ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

નડિયાદના મંજીપુરા કમળા રિંગ રોડ પર આવેલા સંતરામ વે બ્રિજ વિસ્તારમાં વન વિભાગે અચાનક આક્રમક ચેકિંગ હાથ ધરતા લાકડાની હરાજી સંપૂર્ણપણે અટકી ગઈ છે. મામલતદાર અને આરટીઓ બાદ હવે ફોરેસ્ટ વિભાગ પણ મેદાનમાં આવતા દસ્તાવેજો વિના લાકડા ઘુસાડતા ગેરકાયદે તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ખેડા જિલ્લા વન અધિકારી અભિષેક સામરીયાની સીધી સૂચનાથી સંતરામ વે બ્રિજ અને તેની આસપાસના વિસ્તારોમાં ગેરકાયદે લાકડાની હેરાફેરી પર લગામ કસવા સઘન તપાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ઈન્ચાર્જ આરએફઓ સંજય વહોરાની ટીમે દસ્તાવેજો અને પાસ-પરમિટ વગરના વાહનો સામે લાલ આંખ કરતા લાકડા ભરેલા ટ્રેક્ટર અને ટ્રકોની આવક પર સીધી બ્રેક વાગી ગઈ છે. અગાઉ આ હરાજીના સ્થળે દરરોજ ૫૦૦ જેટલા ટ્રેક્ટરો અને ૫૦ થી વધુ ટ્રકો લાકડા ભરીને આવતા હતા, પરંતુ વન વિભાગની કડક કામગીરીને પગલે હાલ એક પણ વાહન હરાજી માટે પહોંચી રહ્યું નથી અને સમગ્ર માહોલ સૂમસામ બની ગયો છે. તહેવારોની સિઝનમાં જ લાકડાની આવક સદંતર બંધ થઈ જવાથી વેપાર સાથે સંકળાયેલા વેપારીઓ અને સો મિલ સંચાલકોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

નડિયાદ સહિત ખેડા જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી ગેરકાયદેસર લાકડાની હેરાફેરી અને હરાજી સામે તંત્ર દ્વારા સતત દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે. સંતરામ વે બ્રિજ પાસે હાથ ધરાયેલી ખાસ ડ્રાઇવ દરમિયાન વન વિભાગે કાયદાકીય કાગળો અને સેફ્ટી સાધનો ન ધરાવતા ૨ ટ્રેક્ટરો જપ્ત કર્યા છે. આ અગાઉ પણ ગેરકાયદે હેરફેર કરતા ૪ વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા. કડક પગલાંઓને પગલે આવનારા દિવસોમાં ગેરકાયદે લાકડા કાપતા તત્વો સામે હજુ વધુ આકરાં પગલાં લેવાય તેવા સ્પષ્ટ એંધાણ છે.

કાયદેસરના વેપારીઓનો રોષ

સો મિલ પ્રમુખ રવિન્દ્ર પટેલે સ્પષ્ટતા કરી છે કે, વે બ્રિજ પરનો કાંટો બંધ કરવામાં આવ્યો નથી. સરકારી રિપોર્ટ મુજબ રાજ્યમાં વૃક્ષોની સંખ્યા અને વન રોપણીમાં વધારો નોંધાયો છે તથા કપાયેલા વૃક્ષોની સામે દસ ગણા નવા વૃક્ષો વાવવામાં આવી રહ્યા હોવા છતાં વહીવટી તંત્રની હાલની કાર્યવાહીથી રોજગાર પર માઠી અસર પડી રહી છે. મોટાભાગના વેપારીઓ કાયદેસરની પરમિટ સાથે જ વ્યવસાય કરે છે, પરંતુ અમુક ગેરકાયદે તત્વોના કારણે હાલ કાયદેસરનો વેપાર કરતા સો મિલ માલિકો પણ દંડાઈ રહ્યા હોવાનો રોષ જોવા મળી રહ્યો છે.

તાલુકા કક્ષાએ CRS પોર્ટલના યુઝર આઈડી અપાતાં રાહત

સંબંધિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકોને હવે જન્મ કે મરણના દાખલા માટે ટીડીઓને સત્તા સોંપાઇ

(પ્રતિનિધિ) આણંદ તા ૩

રાજ્ય સરકારે આણંદ જિલ્લાના તમામ ૮ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીઓને જન્મ-મરણના દાખલા માટેના CRS પોર્ટલના યુઝર આઈડી આપી દીધા છે. આથી હવે ગ્રામ્ય વિસ્તારના લોકોને સ્થાનીક ગ્રામ પંચાયત પંચાયત કચેરીમાંથી જ સરળતાથી દાખલા મેળવી શકશે.

અગાઉ આણંદ મહાનગર પાલિકા સહિત જિલ્લાની તમામ નગરપાલિકાઓ અને ૮ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના જન્મ-મરણના દાખલાની ચકાસણી અને મંજૂરીની કામગીરી જિલ્લા કક્ષાએ જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા જ થતી હતી. એક જ અધિકારી પાસે સત્તા હોવાથી દાખલાની પ્રક્રિયામાં વિલંબ થતો હતો. પરિણામે એક સમયે ૨ હજાર જેટલા દાખલાનું વેઇટિંગ રહેતું અને લોકોને એક-એક મહિના સુધી રાહ જોવી પડતી હતી.

ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના લોકોને દાખલા માટે ગ્રામ પંચાયત કચેરી સુધી વારંવાર ધક્કા ખાવા પડતા હતા. આ સમસ્યા અંગે જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા વહીવટી તંત્રે રાજ્ય સરકાર સમક્ષ તાલુકા કક્ષાએથી જ દાખલા કાઢવાની વ્યવસ્થા ઊભી કરવા દરખાસ્ત કરી હતી.

તેના પગલે સરકારે તમામ ૮ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીઓને પોર્ટલના યુઝર આઈડી ફાળવ્યા છે. આ નવી વ્યવસ્થા અમલી બનતાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તાલુકા વિકાસ અધિકારીઓઅને આંકડા મદદનીશ સહિતની ટીમને CRS પોર્ટલ પર જન્મ-મરણના દાખલાની પ્રક્રિયા, ચકાસણી અને મંજૂરીની કામગીરી અંગે તાલીમ પણ આપવામાં આવી છે.

ક્વોરીમાં ડ્રાઇવરનું મોત થયા બાદ તબીબ ગેરહાજર રહેતાં રોષ

બાલાસિનોરમાં પોસ્ટમોર્ટમ માટે ડ્રાઇવરનો મૃતદેહ રઝળ્યો

આખરે અન્ય સેન્ટરના ડોક્ટરને બોલાવી પીએમ કરાવાયું

(પ્રતિનિધિ) બાલાસિનોર, તા.૩

બાલાસિનોરની સરકારી હોસ્પિટલમાં તબીબના અભાવે અને બેદરકારીના કારણે પીએમ (પોસ્ટમોર્ટમ) માટે લાવવામાં આવેલો મૃતદેહ કલાકો સુધી રઝળતો રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. ઓથવાડના તબીબ હાજર ન રહેતાં આખરે ગુંથલી આરોગ્ય કેન્દ્રના તબીબને બોલાવી પીએમ કરવાની ફરજ પડી હતી.

બાલાસિનોરના ઓથવાડ ગામે આવેલી જય અંબે ક્વોરીમાં લોડર ડ્રાઇવર તરીકે ફરજ બજાવતા રાવજીભાઇ રમણભાઇ પરમાર (ઉ.વ. ૩૮, રહે. ઢુંઢવા અંધારી) લોડરના સમારકામ (રિપેરિંગ) માટે નીચે હતા, તે સમયે અચાનક લોડર ગબડી પડતાં તેના દાંતા ખુંપી જવાથી તેમનું અકસ્માતે સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

આ ઘટના બાદ મૃતદેહને પીએમ અર્થે બાલાસિનોરની સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. સરકારી નિયમ મુજબ ઘટનાસ્થળ ધરાવતા ઓથવાડ ગામના આરોગ્ય કેન્દ્રના તબીબ ડો. મૌલિક પટેલને પીએમ માટે વારંવાર ફોન કરીને બોલાવવામાં આવ્યા હોવા છતાં તેઓ હોસ્પિટલ પહોંચ્યા ન હતા. જેના કારણે મૃતદેહ કલાકો સુધી પીએમ વગર પડી રહ્યો હતો અને સ્થળ પર હાજર સ્વજનોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

સમગ્ર મામલે હોસ્પિટલ અધિક્ષક ડો. પટેલિયાએ આખરે ગુંથલી આરોગ્ય કેન્દ્રના તબીબને બોલાવીને પીએમની વૈકલ્પિક વ્યવસ્થા કરી આપી હતી. સામાપક્ષે ડો. મૌલિક પટેલે પોતાનો બચાવ કરતાં જણાવ્યું હતું કે તેમને પીએમ માટે આવો કોઈ ફોન આવ્યો જ નહોતો. આમ, તબીબોના વિવાદ અને સરકારી હોસ્પિટલની અવ્યવસ્થાના કારણે મૃતકના પરિવારજનોને ભારે હેરાનગતિ ભોગવવી પડી હતી.

આણંદમાં ૨.૫૧ લાખથી વધુનો વેરો ન ભરતા ૯ પ્રોપર્ટી સીલ

આણંદ-વિદ્યાનગર રોડ, અમૂલ ડેરી રોડ અને મોટી કાકાની ચાલી પાસે કડક કાર્યવાહી



(પ્રતિનિધિ) આણંદ તા.૩

કરમસદ - આણંદ મનપાની રિકવરી ટીમ દ્વારા બાકી વેરાની વસૂલાત અંગે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત મોટી કાકાની ચાલી પાસે, આણંદ-વિદ્યાનગર રોડ અને અમૂલ ડેરી રોડ પર આવેલી દુકાનોના માલિકોએ કુલ 2,51,997નો બાકી વેરો ભરપાઈ ન કરતા આજે વધુ 9 જેટલી દુકાનો તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવી છે.

આ અંગે મનપાની રિકવરી ટીમના અધિકારીના જણાવ્યા મુજબ, પ્રોપર્ટી માલિકોને લેખિત નોટિસ આપવા છતાં અને વારંવાર સૂચના આપવા છતાં બાકી રકમ જમા ન કરાવતા આખરે પ્રોપર્ટી સીલ કરવાની ફરજ પડી છે.

આથી, મહાનગરપાલિકાએ વિસ્તારના નાગરિકોને પોતાની મિલકતનો બાકી વેરો તાત્કાલિક જમા કરાવી દેવા અનુરોધ કર્યો છે. આ સાથે વધુમાં જણાવ્યું હતું કે, બાકી વેરો ન ભરનાર સામે પ્રોપર્ટી સીલ કરવાની કડક કાર્યવાહી ચાલુ રહેશે.

મહેમદાવાદ : ડીજેના ઘોંઘાટનો વિરોધ કરતા જીવલેણ હુમલો

વૃદ્ધ અને યુવાન પર સાત શખ્સો તુટી પડ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

મહેમદાવાદના લાખાપુરા વિસ્તારમાં ડીજેના ઘોંઘાટનો વિરોધ કરનાર ૬૩ વર્ષીય નિવૃત્ત વૃદ્ધ અને તેમના ભત્રીજા પર ડીજે સંચાલકો તથા તેમના સાગરિતોએ લાકડીઓ અને ગડદાપાટુ વડે હિચકારો હુમલો કર્યો છે. ઘરમાં બીમાર સભ્ય હોવાથી અને પરીક્ષાનો સમય હોવાથી અવાજ ધીમો કરવાનું કહેતા ઉશ્કેરાયેલા સાત જેટલા શખ્સોએ આતંક મચાવ્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા બંને ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મહેમદાવાદના દુધીયા તળાવ લાખાપુરા વિસ્તારમાં રહેતા ૬૩ વર્ષીય દિલીપભાઈ ડાહ્યાભાઈ વાઘેલા ગત ૨ નવેમ્બરના રોજ પોતાના ઘરે હતા, ત્યારે નજીકમાં કેટલાક શખ્સો આઈસરમાં ડીજે લાવીને મોટા અવાજે વગાડી રહ્યા હતા. દિલીપભાઈના મોટા ભાઈના પત્ની ઘરમાં બીમાર હોવાથી અને હાલમાં વિદ્યાર્થીઓની પરીક્ષાનો સમય ચાલતો હોવાથી તેઓ ડીજેનો અવાજ ઓછો કરાવવા ગયા હતા. પરંતુ હાજર ડીજે સંચાલક સંદીપ રાજુ વાઘેલા, મીનેષ રાજુ વાઘેલા અને વસંત ભરત વાઘેલાએ અવાજ ધીમો કરવાના બદલે ગાળાગાળી કરી દિલીપભાઈને માર મારી નીચે પાડી દીધા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ હુમલામાં જમણા હાથની કોણીએ ઈજા પામેલા વૃદ્ધને સરકારી દવાખાને સારવાર અપાવી પરિવાર ઘરે પરત ફર્યો હતો.

બાદમાં અગાઉના હુમલાખોરોના સાગરિતો જીતુ નાગર વાઘેલા, વિપુલ જીતુ વાઘેલા, ભરત મગન વાઘેલા અને મહેશ ગોવીંદ વાઘેલા હાથમાં લાકડીઓ લઈને ધસી આવ્યા હતા. આ સમયે વચ્ચે પડેલા રવીકાંત નામના યુવાનને વિપુલે માથાના ભાગે લાકડી ફટકારી દીધી હતી જ્યારે અન્ય શખ્સોએ પણ લાકડીઓ અને ગડદાપાટુથી માર માર્યો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડાતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદ અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા દિવ્ય નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી

આણંદ | અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ, આણંદ દ્વારા પ્રમુખ જયંતીભાઇ આર. શાહના અધ્યક્ષસ્થાને સંસ્થાના સભ્યો માટે દિવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન નિર્ભયકુમાર જી. રાણા તથા અન્ય મહાનુભાવો દ્વારા દીપ પ્રગટાવી મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવ દરમિયાન સભ્યોએ વિવિધ વેશભૂષા ધારણ કરી ભક્તિભાવ સાથે માતાજીની આરાધના-આરતી કરી હતી અને બહેનોને લ્હાણી વિતરણ કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી નરેન્દ્રભાઇ શાહે કર્યું હતું, જ્યારે ઉપપ્રમુખ શંકરલાલ મંડોરાએ આભાર વિધિ કરી હતી.



વસો ખાતે બ્રહ્માકુમારી તરૂબેનનો અલૌકિક જન્મદિવસ અને શરદ પૂર્ણિમાની ધામધૂમથી ઉજવણી કરાઇ



વસો | વસો સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય ખાતે ૨૫ ઓક્ટોબરે દિવાળી ભોગ, શરદ પૂર્ણિમા અને બ્રહ્માકુમારી તરૂબેનના અલૌકિક જન્મદિવસનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. તરૂબેનની ૪૧ વર્ષની નિ:સ્વાર્થ ઈશ્વરીય સેવા પૂર્ણ થવાની ખુશીમાં યોજાયેલા આ પ્રસંગે દિવ્ય સંદેશ અને આધ્યાત્મિક મૂલ્યોનો પ્રસાર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં માતરના પૂર્વ ધારાસભ્ય રાકેશભાઇ રાવ, વસોના સરપંચ દીપકભાઇ દલવાડી અને પ્રદેશમંત્રી હેમલબેન પીજ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વસો, લીંબાસી, ખેડા, માતર અને ચાંગા સહિત આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ફાગવેલ ધામ ખાતે ભાથીસેના પરિવારની પદયાત્રાની ભક્તિસભર માહોલમાં પૂર્ણાહુતિ

ખંભાત | ખંભાતના કાણીસાથી રજનીસિંહ ચૌહાણની આગેવાની હેઠળ ભાથીસેના પરિવાર ગુજરાત દ્વારા યોજાયેલી ભવ્ય પદયાત્રાની પવિત્ર યાત્રાધામ ફાગવેલ ખાતે ભક્તિસભર માહોલમાં પૂર્ણાહુતિ થઈ હતી. આ સમાપન પ્રસંગે પૂજ્ય શ્રી ભાથીજી મહારાજના ઐતિહાસિક મંદિરના શિખર પર પરંપરાગત વિધિ-વિધાન સાથે ભવ્ય ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે આણંદ જિલ્લા ક્ષત્રિય એકતા મંચના પ્રમુખશ્રી પ્રવીણ સિંહ ચાવડા બાપુ તથા વિવિધ તાલુકા/ગ્રામીણ ટિમો અને સામાજિક સંગઠનોના અગ્રણીઓએ હાજરી આપી એકતા દર્શાવી હતી. ધ્વજારોહણ સંપન્ન થયા બાદ તમામ ભક્તો દ્વારા ભાથીજી મહારાજની દિવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી અને શ્રદ્ધાળુઓએ પ્રસાદનો લાભ લીધો હતો.



આણંદની ડીએન ફોરમની બહેનો વ્યસ્કો માટેની 'થનગનાટ' ગરબા સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા

આણંદ | આણંદ જિલ્લા સિનિયર સિટીઝન ફેડરેશન દ્વારા આયોજિત દ્વિતીય ગરબા સ્પર્ધા 'થનગનાટ' ચંચળ બા ઓડિટોરિયમ ખાતે યોજાઇ હતી, જેમાં જિલ્લાની ૮ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડીએન હાઇસ્કૂલ સિનિયર સિટીઝન ફોરમની બહેનોની ટીમ પ્રથમ સ્થાને વિજેતા બની હતી. જ્યારે વણસોલ સત્તાવીસ પાટીદાર સમાજની ટીમ દ્વિતીય ક્રમે અને બોરસદ સિનિયર સિટીઝનની ટીમ ત્રીજા ક્રમે રહી હતી. ચરોતર એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી કેતનભાઇ પટેલ અને ફોરમના પ્રમુખ મહેશભાઇ પટેલે વિજેતા ટીમ અને બહેનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.



નડિયાદ ખાતે પ્રાકૃતિક ખેતીમાં રાજ્ય કક્ષાનો એવોર્ડ મેળવનાર અરુણભાઈ શાહનું સન્માન કરાયું



નડિયાદ | રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે વર્ષ ૨૦૨૪-૨૫નો રાજ્ય કક્ષાનો 'બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ' મેળવનાર નડીઆદના અરુણભાઈ રમણલાલ શાહનું વિસા ખડાયતા પ્રથમ એકડા પંચ વડીલોના વિશ્રામ મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મંડળની સામાન્ય સભામાં હોદ્દેદારોના હસ્તે તેમને શાલ તથા સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સન્માનના પ્રતિભાવમાં અરુણભાઈ શાહે રાજ્યપાલને પોતાના પ્રેરણા સ્ત્રોત ગણાવીને રસાયણમુક્ત શુદ્ધ ખોરાક અને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું.

ચારુસેટમાં 'હેપી હનુમાન ચાલીસા' વિષય પર પ્રેરણાત્મક ઓથર ટોક સેશન યોજાયું

આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના નોલેજ રિસોર્સ સેન્ટર (કેઆરસી) અને એચઆરડીસી દ્વારા 'કેઆરસી ઓથર ટોક સિરીઝ' અંતર્ગત વિશેષ પ્રેરણાત્મક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચારુસેટના એલ્મની, જાણીતા લેખક, ટેડએક્સ સ્પીકર અને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર આશિષ ભાલાણીએ મુખ્ય વક્તા તરીકે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે હનુમાન ચાલીસાની ચોપાઈઓમાં રહેલા આત્મવિશ્વાસ, હિમત અને સકારાત્મકતા જેવાં જીવનમૂલ્યોને આજના આધુનિક જીવન સાથે સાંકળીને સમજાવ્યાં હતાં. સેશન દરમિયાન તેમના પુસ્તક 'હેપી હનુમાન ચાલીસા' અંગે માહિતી આપી હતી.



નડિયાદ ખાતે પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલને 'સરદાર રત્ન' એવોર્ડ એનાયત કરાયો

નડિયાદ | અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા યોજાયેલા વિશેષ સમારોહમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલને પ્રતિષ્ઠિત 'સરદાર રત્ન' એવોર્ડ અને સ્મૃતિચિહ્ન એનાયત કરવામાં આવ્યો હતો. સરદાર પટેલના આદર્શો, રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમરસતાના મૂલ્યોને જીવનભર વરેલા દિનશા પટેલનું આ પ્રસંગે ગૌરવપૂર્ણ સન્માન કરાયું હતું. કેન્દ્ર સરકારમાં પેટ્રોલિયમ, MSME અને ખાણ મંત્રાલય જેવા વિવિધ વિભાગોમાં કેબિનેટ અને રાજ્યમંત્રી તરીકે સેવા આપનાર તેમનું સમગ્ર જીવન લોકસેવાને સમર્પિત રહ્યું છે. કોંગ્રેસ મહામંત્રી રણદીપસિંહ સુરજેવાલા, ભરતસિંહ સોલંકી સહિત જાહેરજીવનના અનેક અગ્રણીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ પ્રેરણાદાયી પ્રસંગ યોજાયો હતો.



કપડવંજમાં દિવ્યાંગોની ઓળખ અને પુનર્વસન અંગે આંગણવાડી કાર્યકરો માટે તાલીમ યોજાઈ

કપડવંજ | શહેરની વી.એસ. ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ, બાળ વિકાસ સેવા યોજના, કપડવંજ અને વાઘ બકરી ફાઉન્ડેશનના સી.એસ.આર. પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે શારદા સંકુલ ખાતે દિવ્યાંગોની ઓળખ અને પુનર્વસન અંગે એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ દરમિયાન દિવ્યાંગતાના પ્રકારો, મળવાપાત્ર વિવિધ લાભો તેમજ દિવ્યાંગ બાળકોની વહેલી ઓળખ કરી તેમના સર્વાંગી વિકાસ અને પુનર્વસનમાં યોગદાન આપવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સી.ડી.પી.ઓ. ફાલ્ગુનીબેને આંગણવાડી કાર્યકરોને દિવ્યાંગ બાળકોની સમયસર ઓળખ કરી તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવાના આ ઉમદા કાર્યમાં સક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કર્યો હતો.



કપડવંજના અમીષ પરીખનું ડિજિટલ સુરક્ષા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ દિલ્હી પોલીસ દ્વારા સન્માન

કપડવંજ | કપડવંજના વતની અને મુંબઈ સ્થિત કોટક મહિન્દ્રા બેંકના ડેપ્યુટી વાઇસ પ્રેસિડેન્ટ અમીષ પરીખને દિલ્હી પોલીસના ઇન્ટેલિજન્સ ફ્યુઝન એન્ડ સ્ટ્રેટેજિક ઓપરેશન્સ વિભાગ દ્વારા સત્તાવાર રીતે સન્માનિત કરવામાં આવ્યા છે. ડીસીપી ગૌરવ ત્યાગી (IPS) દ્વારા તેમને ડિજિટલ સુરક્ષા, જાહેર સુરક્ષા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા અને ત્વરિત કાર્યવાહી બદલ વિશેષ પ્રશંસાપત્ર એનાયત કરાયું છે. વધતા ડિજિટલ જોખમો સામે જનસુરક્ષા માટે તેમણે દાખવેલી અવિરત સતર્કતા અને વ્યાવસાયિક કુશળતાની આ એવોર્ડ દ્વારા સરાહના કરવામાં આવી છે. તેમની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ કપડવંજ દશા પોરવાડ મિત્ર મંડળ, મહિલા મંડળ અને પંચ કપડવંજ યુનિટ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



આણંદની ચરોતર ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં ભૂલકાંઓ માટે વાર્ષિક રમતોત્સવ યોજાયો



આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ચરોતર ઇંગ્લિશ મીડીયમ સ્કૂલના કે.જી. વિભાગ દ્વારા પ્લે ગ્રુપ, નર્સરી, જુનિયર અને સિનિયર કે.જી.ના ભૂલકાંઓ માટે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય કાર્તિકભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં બાળકોમાં શારીરિક ક્ષમતાનો વિકાસ, આત્મવિશ્વાસ, ખેલદિલી અને ટીમભાવના કેળવવાનો મુખ્ય હેતુ રાખવામાં આવ્યો હતો. આ રમતોત્સવમાં બાળકો માટે દોડ, દેડકા દોડ, સંગીત ખુરશી, લીંબુ-ચમચી દોડ અને સિક્કા શોધ જેવી મનોરંજક રમતો યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પમાં ૧૦૧ બાળકોએ લીધો લાભ

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી અને એસ. જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યૂ વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પ યોજાયો હતો. વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. ડી. એચ. પટેલ દ્વારા આયોજિત આ કેમ્પનો કુલ ૧૦૧ બાળકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો, ફાર્મ મજૂરો તથા વસાહતીઓના ૦થી ૧૫ વર્ષની વયના બાળકો માટે નિ:શુલ્ક સુવર્ણપ્રાશનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ આયોજન દરમિયાન આણંદ કૃષિ યુનિવર્સિટી હેલ્થ સેન્ટર અને એસ. જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલના સ્ટાફ દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

